# હનુમાનજી

**જન્મ** : ચૈત્રી પૂનમના દિવસે

**રહેઠાણ** : કિષ્કિન્ધા (અયોધ્યા)

**મંત્ર** : ॐ *श्री हनुमंते नमः*

**શસ્ત્ર** : ગદા અને વજ્ર

**પાઠ** : રામાયણ , હનુમાન ચાલીસા અને સુંદરકાંડ

**ઉત્સવ** : હનુમાન જયંતિ

**માતા** : અંજના

**પિતા** : વાયુ (આધ્યાત્મિક પિતા)
કેસરી (પિતા)

**ભાઈ** : મતિમાન, શ્રુતિમાન, કેતુમાન, ગતિમાન અને ધૃતિમાન

**અન્યનામ** : મારુતિ, બજરંગબલી, અંજનેય, પવનપુત્ર, રૂદ્રાંશ (શિવનો અંશ), સંકટમોચન, કેસરી નંદન

**પુત્ર** : મકરધ્વજ

**વર્ણ** : લાલ, સિંદુર

## ➢ હનુમાનજીના જન્મનું રહસ્ય :



ભગવાન હનુમાનના જન્મની કથા માતા અંજનિ સાથે જોડાયેલ છે. ભગવાન હનુમાન માતા અંજનિ અને કેસરી નંદનના પુત્ર હતા, કે જેઓ અંજનાગિરી પર્વત પર રહેતા હતા. અગાઉ અંજનિ ભગવાન બ્રહ્માના દરબારમાં એક અપ્સરા હતા.

પોતાના બાળપણમાં માતા અંજનિ એ એક વાંદરાને પગ ઉપર ઉભા રહીને ધ્યાન લગાવતા જોયો. તો તેમને તે વાંદરા ઉપર ફળ ફેંક્યું અને તે વાંદરો એક ઋષિમાં બદલાઈ ગયો અને તેમની તપસ્યા ભંગ થતા તે ક્રોધિત થઈ ગયા. તેમણે માતા અંજનિ ને શ્રાપ આપ્યો કે જે દિવસે તેમને કોઈના થી પ્રેમ થઈ જશે તે ક્ષણે તે વાંદરી બની જશે.

માતા અંજનિ એ બહુ માફી માંગી અને ઋષિને તેમને ક્ષમા કરવાનું કહ્યું. પરંતુ ઋષિએ તેમની વાત ન સાંભળી અને માતા અંજનિને શ્રાપ આપીને કહ્યું કે તે પ્રેમમાં પડ્યા બાદ વાંદરી બની જશે. પરંતુ તેમનો પુત્ર ભગવાન શિવનો અવતાર હશે.

થોડાક સમય બાદ માતા અંજનિ જંગલોમાં રહેવા લાગ્યા ત્યાં તેમની મુલાકાત કેસરી સાથે થઈ, કે જેમના પ્રેમમાં પડતા જ માતા અંજની વાંદરી બની ગયા અને કેસરી એ પોતાનો પરિચય આપતા માતા અંજનીને જણાવ્યું કે, તે વાંદરાઓના રાજા છે. માતા અંજનીએ ધ્યાનથી જોયું તો જણાયું કે કેસરી પાસે એક એવું મુખ હતું કે જેને તે માનવીમાંથી વાંદરા અને વાંદરા માંથી માનવી માં ફેરવી શકતા હતા. કેસરી તરફથી પ્રસ્તાવ મુકાતા માતા અંજનિ માની ગયા અને બંન્નેના લગ્ન થઈ ગયા.

માતા અંજનિએ ઘોર તપસ્યા કરી અને ભગવાન શિવ પાસે તેમના જેવો એક પુત્ર માંગ્યો અને ભગવાને તથાસ્તુ કહ્યું. તે પછી તેમણે હનુમાનજીને જન્મ આપ્યો.

## ➢ હનુમાનજીને બજરંગ બલી કેમ કહેવામાં આવે છે ?



એવું કહેવામાં આવે છે કે, હનુમાનજી ખૂબ શક્તિશાળી છે તેમનું શરીર વજ્ર જેવું છે. ઉપરાંત શક્તિ અને બુદ્ધિના દેવતા હનુમાનજી ને બજરંગબલી કહેવામાં આવે છે.

અન્ય માન્યતા અનુસાર એક વાર માતા સીતા સિંદૂર લગાવી રહ્યા હતાં તે સમયે હનુમાનજી એ પૂછ્યું કે માતા તમે માંગમાં સિંદૂર કેમ લગાવો છો ? તેનો જવાબ આપતા માતા સીતા કહે છે કે તેમના પતિ પ્રભુ શ્રીરામના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે સિંદૂર લગાવી રહ્યા છે. સિંદૂર નું મહત્વ શાસ્ત્રોમાં પણ જણાવવામાં આવ્યું છે કે વિવાહિત મહિલા જે માંગમાં સિંદૂર લગાવે છે તેના પતિનું આયુષ્ય લાંબુ રહે છે અને તેનું સ્વાસ્થ્ય પણ સારું રહે છે.

માતા સીતાજીની વાત સાંભળી હનુમાનજી વિચારે છે કે, જો માંગમાં સિંદૂર લગાવવાથી આટલો લાભ થાય છે તેથી તેઓ પણ આખા શરીર પર સિંદૂર લગાવશે. અને ભગવાન શ્રીરામ અમર બની જશે. આ વિચારીને હનુમાનજી પોતાના આખા શરીર પર સિંદૂર લગાવે છે. જ્યારે ભગવાન રામ હનુમાનજી ને જોવે છે ત્યારે તેઓ તેમની ભક્તિથી ખૂબ જ પ્રસન્ન થાય છે અને ભગવાન શ્રીરામ હનુમાનજીને કહે છે કે હવે તમે બંજરંગબલી તરીકે ઓળખાશો. બજરંગબલી શબ્દનો અર્થ : બજરંગ એટલે કેસરી અને બલી એટલે શક્તિશાળી.

## ➢ હનુમાનજીને ગદા કોણે આપી હતી ? હનુમાનજીની ગદા કેટલી શક્તિશાળી છે ?



હનુમાનજીને ગદા ધારક પણ કહેવામાં આવે છે. કારણ કે હનુમાનજી હંમેશા પોતાની ગદા પોતાની પાસે રાખે છે. હનુમાનજી પોતાના ડાબા હાથમાં ગદા રાખે છે. ડાબા હાથમાં ગદા રાખવાના કારણે તેમને વામહાસ્તગ્દ્યુક્તમ પણ કહેવામાં આવે છે.

હનુમાનજી પાસે એવા દિવ્ય શસ્ત્રો છે જે અન્ય કોઈ દેવતા પાસે નથી. તેમાંથી હનુમાનજીને સૌથી પ્રિય શસ્ત્ર તેમની ગદા છે.

શાસ્ત્રો અનુસાર, એકવાર બાળ હનુમાન સૂર્યદેવને ફળ સમજી ગળી ગયા હતા, ત્યારે સમગ્ર બ્રહ્માંડ અંધકારમાં છવાઈ ગયું હતું. ત્યારબાદ બધા દેવી - દેવતાઓ એ હનુમાનજીને વિનંતી કરી કે સૂર્યદેવને પોતાના મુખમાંથી બહાર કાઢો. જે માટે હનુમાનજી રાજી ન થયા. તેથી ભગવાન ઈન્દ્ર એ ક્રોધ માં આવીને હનુમાનજી પર વજ્ર વડે હુમલો કર્યો અને આ પ્રહારથી હનુમાનજી બેભાન થઈ ગયા.

હનુમાનજીની આ દશા જોઈને પવન દેવતા ખૂબ જ ક્રોધિત થઈ ગયા અને પવનદેવે આખી પૃથ્વી ના તમામ વાયુને બંધ કરી દીધા જેના કારણે સમગ્ર પૃથ્વી પર જીવન લુપ્ત થવા લાગ્યું. આ જોઈને ભગવાન બ્રહ્મા પ્રગટ થયા અને હનુમાનજીને જીવિત કર્યા. અને ત્યારબાદ તમામ દેવી-દેવતાઓ એ બાળ હનુમાનને આશીર્વાદ આપ્યા અને તમામ દેવી દેવતાઓએ એક પછી એક હનુમાનજીને કેટલીક શક્તિ આપી.

જ્યારે કુબેર દેવનો વારો આવ્યો ત્યારે તેમણે હનુમાનજીને સોનાની ગદા અર્પણ કરી. આ ગદામાં અપાર શક્તિઓ હતી અને તે સોનાની ધાતુથી બનેલી હતી અને કુબેર દેવે હનુમાનજીને વરદાન આપ્યું હતું કે જ્યારે પણ તેઓ કોઈપણ યુદ્ધમાં આ ગદા ધારણ કરશે તો કોઈ તેમને હરાવી શકશે નહીં.

## ➢ હનુમાનજીની ગદાનું નામ અને વજન કેટલું હતું ?

હનુમાનજીની ગદાનું નામ ધાર્મિક ગ્રંથો અનુસાર કૌમૌદકી ગદા છે. ઋષિ અગસ્ત કહે છે કે હનુમાનજીના પંચમુખી અવતારમાં ખડગ, ખટવાંગ, પર્વત, અંકુશ, ત્રિશુલ, પાશ, મુષ્ટિ, સ્તંભ, ગદા અને વૃક્ષનો સમાવેશ થાય છે. એવું માનવામાં આવે છે કે, હનુમાનજી ગદાનું વજન 1000 k.g. હતું.



## ➢ ભારતમાં સૌથી પ્રસિદ્ધ હનુમાનજી મંદિરનો મહિમા :

આ મંદિરો દેશના સૌથી પ્રસિદ્ધ હનુમાનજીના સ્થાનકોમાં સ્થાન ધરાવે છે. સૂતેલા હનુમાનજી હોય કે પછી બાળરૂપે દર્શન આપતાં અંજનિસુત કે પછી અયોધ્યામાં બિરાજમાન ફક્ત 6 ઈંચના પવનપુત્ર, બજરંગબલીના આ તમામ સ્વરૂપો ભક્તોને ભયમુક્ત કરે છે.



1. હિન્દુ ધાર્મિક ગ્રંથો અનુસાર ભગવાન શ્રી રામનો જન્મ અયોધ્યામાં થયો હતો. જ્યાં હનુમાનજીનું એક મંદિર છે. જે હનુમાન ગઢી નામથી પ્રખ્યાત છે. તે અયોધ્યાનું સૌથી પ્રાચીન મંદિર માનવામાં આવે છે. આ મંદિર સરયુ નદીના જમણા કાંઠે એક વિશાળ ટેકરા પર આવેલું છે. આ મંદિરમાં ફક્ત 6 ઈંચ ઊંચી મૂર્તિ છે. જે હંમેશા ફૂલની માળાથી શોભે છે. આ મંદિર સુધી પહોંચવા કુલ 76 પગથિયાં છે. શ્રી રામ લંકા પર વિજય મેળવ્યા પછી અયોધ્યા પાછા ફર્યા ત્યારે હનુમાનજીને આ સ્થળે આરામ કરવાનું કહ્યું હતું. ત્યારથી આ સ્થળનું નામ હનુમાન ગઢી રાખવામાં આવ્યું.

2. રાજસ્થાન ના દૌસા જિલ્લા નજીક બે ટેકરીઓ વચ્ચે મહેંદીપુર નામનું ગામ આવેલું છે. એવું કહેવાય છે કે મહેંદીપુરમાં ખૂબ મોટી શિલાઓ છે. જેમાંથી હનુમાનજીની આકૃતિ આપમેળે ઊભરી આવે છે. જેને બાલાજી મહારાજ તરીકે ઓળખવામાં આવે છે. અહીં હનુમાનજી બાળકના રૂપમાં બિરાજમાન છે. તેમના પગ પર એક નાનું કુંડ છે. જેનું પાણી ક્યારેય સુકાતું નથી. એવું કહેવાય છે કે હનુમાનજીના મંદિરમાં તમામ દુષ્ટ શક્તિઓ નો નાશ થાય છે. જો કોઈ ભૂતપ્રેતનો ઓછાયો હોય તો તે પણ દૂર થઈ જાય છે. આ મંદિર માત્ર રાજસ્થાનમાં નહિં સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે. બાલાજી મહારાજના દર્શન કરવા માટે દૂર - દૂર થી ભક્તો આવે છે.





3. આ મંદિર પ્રયાગરાજ કિલ્લાની બાજુમાં સંગમ કિનારે આવેલું છે. આ પ્રાચીન મંદિરમાં હનુમાનજીની સૂતેલી મૂર્તિ છે. આખા ભારતમાં હનુમાનજીની આ એકમાત્ર સૂતેલી મૂર્તિ હોવાનું મનાય છે. એટલે જ આ મંદિર સૂતેલા હનુમાનજી મંદિર તરીકે પણ ઓળખાય છે. મંદિરમાં હનુમાનજીની પ્રતિમા 20 ફૂટ લાંબી છે. આ મંદિરના ઈતિહાસ વિશે કેટલીયે દંતકથાઓ છે. એક દંતકથા અનુસાર, એક વેપારી હોડીમાં હનુમાનજીની મૂર્તિ લઈને જતો હતો. મૂર્તિ ભારે હોવાથી બોટ અચાનક સંગમમાં ડૂબી ગઈ. સમય જતાં જ્યારે યમુનાજીના પાણીનું વહેણ બદલાયું, ત્યારે મૂર્તિ દેખાવા માંડી. તે સમયે અકબરનું શાસન હતું અને તેમણે હિન્દુઓના દિલ જીતવા માટે તેના કિલ્લાની નજીક આ મૂર્તિનું સ્થાપન કર્યું.

4. સંકટમોચન હનુમાનજીનું મંદિર પવિત્ર શહેર વારાણસીમાં આવેલું છે. તે દુર્ગા મંદિર અને નવા વિશ્વનાથ મંદિર માર્ગ પર બનારસ હિન્દુ યુનિવર્સિટીની નજીક આવેલું છે. કહેવાય છે કે આ પવિત્ર શહેરમાં જે સ્થાન પર હનુમાનજીએ ગોસ્વામી તુલસીદાસજીને દર્શન આપ્યાં હતાં તે સ્થાનને સંકટમોચન તરીકે ઓળખાય છે. તુલસીદાસજીએ જે મુદ્રામાં દર્શન કર્યાં હતાં ત્યાં તેમણે હનુમાનજીની મૂર્તિની સ્થાપના એ જ સ્વરૂપમાં કરી હતી. સંકટમોચન એટલે બધા દુ:ખોને દૂર કરે તે. આ મંદિરમાં જે કોઈપણ આવે છે હનુમાનજી તેમની બધી મુશ્કેલીઓ દૂર કરતા હોવાનું માનવામાં આવે છે.



5. હનુમાન ધારા મંદિર ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લાથી 3 કિ.મી. દૂર પર્વતમાળાની મધ્યમા સ્થિત છે. લંકામાં આગ લગાવ્યા બાદ હનુમાનજી પૂંછ પર લાગેલી આગને આ જ સ્થાન પર શાતા (ઠંડક) મળી હતી. કહેવાય છે કે એ વખતે હનુમાનજીને આગના કારણે ખૂબ બળતરા થતી હતી. તેમણે પ્રભુ શ્રી રામને તેના ઉપાય માટે વિનંતી કરી ત્યારે ભગવાન શ્રી રામે તેમના બાણથી પવિત્ર જળધારાનું નિર્માણ કર્યું અને એટલે જ તો પર્વતમાથી નીકળતી પવિત્ર જલધારા આજે પણ ત્યાં દ્રશ્યમાન થાય છે. આ જલધારા હનુમાનજીની પ્રતિમાની પૂંછ પર પડે છે. અને અંતે નીચે રહેલા કુંડમાં જતી રહે છે. સેંકડો ભક્તો આજે પણ અહીં દર્શનાર્થે આવે છે અને હનુમાનજી સૌને શાંતિના આશીર્વાદ આપે છે.



6. ગુજરાતના બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના સારંગપુર ગામમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર આવેલુ છે.




ઈતિહાસ એવો છે, કે સ્વામિનારાયણ ભગવાન સારંગપુર ગામમાં રહેતા હતા. એ સમયે ગામના મુખી જીવા ખાચર હતા. જીવા ખાચર ને વાઘા ખાચર અને અમરા ખાચર એમ બે દિકરા હતા. વાઘા ખાચર નાના હતા ત્યારે ગામના લોકોથી અપરાધ થઈ ગયો હતો અને કોઈ સાધુ એવું બોલી ગયા કે સારંગપુર ગામ વાળા ભૂખડી ના છે.

તેથી આ ગામમાં ભૂખમરો આવ્યો અને ત્રણ વર્ષ વરસાદ ન પડયો. પછી એવું બન્યુ કે બોટાદ શહેરમાં ગોપાળાનંદ સ્વામી આવ્યા. વાઘા ખાચર ગામના પાંચ-દસ આગેવાનો ને લઈ બોટાદ જઈ સ્વામીના ચરણમાં માથુ મૂકી ને ખૂબ રડયા અને રડતાં-રડતાં વાઘા ખાચરે કહ્યું કે, સ્વામી અમે ભુખ્યા રહીશું પરંતુ સાધુ વગર નહી રહી શકીએ. સ્વામીનારાયણ ભગવાન હતા ત્યારે ગામમાં સંતો બહુ આવતા હતા હવે કોઈ સંતો આવતા નથી. તેથી અમે બહુ દુઃખી છીએ.

ગોપાળાનંદ સ્વામીએ વાઘા ખાચરની પીઠ પર થાપો મારી ને કહ્યું કે જા વાઘા હું તારી પાછળ આવુ છું. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામીએ ગામની પ્રદક્ષિણા કરી અને ગામમાં રહેલા સૌથી મોટા પાળિયા પર હાથ મૂકી કહ્યું કે વાઘા આ કોણ છે? ત્યારે વાઘા ખાચરે કહ્યું કે આ તો મારા પિતાના પિતા જે ધર્મ માટે ખપી ગયા હતા તે અદાબાપા નો પાળિયો છે. ત્યારે સ્વામીજી એ કહ્યું કે વાઘા આ પાળિયા ને આપણે હનુમાનજી ની મૂર્તિ બનાવી દઈએ અને દુનિયા આખી તેને પૂજે તેવું કરી દઈએ. ત્યારબાદ દરબાર ગઢમાં એ પાળિયો લાવ્યા અને સ્વામી એ કાના કડિયાને હનુમાનજીની મૂર્તિ કાગળ પર દોરી ને કહ્યું કે આવી મૂર્તિ બનાવજે. સાડા પાંચ મહિના પછી કાના કડિયાએ મૂર્તિ તૈયાર કર્યા બાદ સ્વામીને સમાચાર મોકલાવ્યા. અને ગોપાળાનંદ સ્વામી એ મોટો યજ્ઞ કરાવી ઈ.સ.૧૯૦૫ માં આસો વદ પાચમના દિવસે હનુમાનજી મહારાજની સ્થાપના કરી.



ગોપાળાનંદ સ્વામીએ લાકડી દાઢી સાથે ટેકવીને હનુમાનજીની મૂર્તિમાં આંખમાં આંખ મેળવી ત્રાટક કર્યું. સ્વામીએ અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલો હતો. આ ત્રાટકથી મોટા અવાજો થવા લાગ્યા અને હનુમાનજીની મૂર્તિ ધ્રુજવા લાગી અને ભયંકર અવાજો ભક્તો સહન ન કરી શક્યા. સ્વામીનો હાથ પકડી ને ભક્તો એ કહ્યું કે ખમૈયા કરો સ્વામી અને સ્વામી નું ધ્યાન તૂટી ગયું. સ્વામીએ કહ્યું કે થોડી વાર જો જાળવી ગયા હોત તો મારે આ હનુમાનજીને બોલતા કરવા હતા અને પછી હનુમાનજી ખડખડાટ હસવા લાગ્યા એટલે સ્વામી એ હનુમાનજી ને કહ્યું કે તમારે આમ જ હસતા રહેવાનું છે અને અહીં આવનાર જીવ-પ્રાણી ના ગુના સામે જોવાનુ નહિ અને માત્ર ને માત્ર તેમના દુઃખ જ દુર કરવાના છે. તેથી આજ થી હું તમારુ નામ કષ્ટભંજન દેવ રાખુ છું. ગોપાળાનંદ સ્વામી એ વાઘા ખાચરને કહ્યું કે એક સાધુ એ ગામના લોકોને ભૂખડીના કહ્યા હતા હવે ગામના બધા લોકો ને સુખી કરવા છે તો હનુમાનજી ને સુખડીનો ભોગ ધરાવજો.

**ॐ नमो हनुमते भयभंजनाय सुखं कुरु फट् स्वाहा ॥**